<u>**સંજેલીના મહેરબાન જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ ની કોર્ટમાં મુ.સંજેલી**</u>

**ક્રિ.કેસ.નં.૪૦૭/૨૦૨૬**

**આંક–૦૬**

**ફરીયાદી– શ્રી સરકાર**

**વિરુધ્ધ**

**આરોપી– મુકેશભાઈ રમેશભાઈ ડામોર,**
**રહે.રંધીકપુર,તા.સીંગવડ, જી.દાહોદ.**

**ગુનો – ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ ૬૬(૧)બી મુજબ.**

**ચુકાદો**

**૧.** આરોપી સામે ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬(૧)બી મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગેનું ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ થયેલ છે.

**૨.** આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેલ છે જેની સદર ગુના અંગે પ્લી રેકર્ડ કરતાં તેણે ગુનો કબુલ કરેલ છે અને **આકં–<u>૦૫</u>**થી અલાયદી કબુલાત પુરસિસ રજુ કરેલ છે જેમાં જણાવેલ છે કે તેઓ કુટુંબ –કબીલાવાળા અને ગરીબ વર્ગના છે અને આ પ્રથમ વખતનો ગુનો છે તઓને કોઈ જ ગુનાહિત ભુતકાળ નથી. તેઓ કાયદાને માન આપનાર અને જવાબદાર નાગરિક છે તેમજ ભવિષ્યમાં આવા પ્રકારના કોઈ જ ગુના નહી કરવાની પુરેપુરી ખાતરી આપે છે અને તેઓથી અજાણયા થયેલ ગુના અંગે તેઓ પસ્તાવો વ્યકત કરી ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**૩.** આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાનું જણાય છે આરોપીનો ગુનાહિત ભુતકાળ હોવા અંગે રેકર્ડ પર કોઈ મટિરિયલ ઉપલબ્ધ નથી .આરોપીને સારા નાગરિક બનવાની એક તક આપવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમજ આરોપીની સામાજિક અને આર્થિક પરિસ્થિતી ધ્યાને લેતા અને હાથ પરના કેસમાં રહેલ તમામ સંજોગો ધ્યાને લઈને આરોપી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાશે એવું મારુ નમ્ર પણે માનવું છે પરિણામે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

આ કામના આરોપીની બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ અન્વયે તકસીરવાન ઠરાવી **ધી ગુજરાત પ્રોહીબીશન એકટ ની કલમ–૬૬(૧)બી મુજબ** હેઠળના ગુના માટે કોર્ટ ઉઠતાં સુધીની સજા અને **રૂ.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા)** નો દંડ કરવામાં આવે છે જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૭ ની સાદી કેદની સજા ભોગવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૧૧મી જુલાઈ સને ૨૦૨૬ ની નેશનલ લોક અદાલતનાં સ્પેશીયલ સીંટીગમાં જાહેર કર્યો.**

સ્થળ–સંજેલી
તા.૧૧/૦૭/૨૦૨૬

(ડો. ટી.આર.ઘોણીયા)
જયુડીશ્ચલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
કોર્ડ નં.જી.જે.૦૧૫૬૧.